## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૬/૦૩/૨૦૨૬ થી તા.૨૨/૦૩/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકે ઉત્સાહપૂર્ણ રહેશે. સમાજમાં માન મળે. નવા સામાજિક સંબંધો બને. પ્રેમમાં અચાનક ભેટ કે મિલન મુલાકાત થાય. નવાં મિત્રોથી સાવધાન. નવાં રોકાણમાં ધીરજ, વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા વધશે. બિનજરૂરી પ્રવાસ ટાળવો. કોર્ટ-કચેરીમાં સાવધાની રાખવી. કોઈના જામીન થવું નહીં. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ધાર્મિક પ્રવાસ અને દાન-પુણ્યથી શાંતિ મળે. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહેશે.

**વૃષભ (બ,વ,ઉ):** સપ્તાહની શરૂઆત નવાં કામ અને નવા સંબંધોથી થાય. શુભ સમાચાર મળે. નોકરીમાં જવાબદારી વધે. ધંધામાં આવક વધે. સમાજમાં સમસ્યા વધે. ધંધા વેપારમાં હરીફોનો સામનો વધશે. છતાં મહત્ત્વનાં કામ પાર પડશે અને સંતાનોની પ્રગતિ તેમજ વિદ્યાર્થીઓને મદદ મળે. પ્રેમનો પ્રસ્તાવ આવી શકે છે. મિત્રો સાથે સમાજસેવા થાય. ધાર્મિક પ્રવાસ કે પ્રસંગમાં જવાનું બને. મન શાંત રહે.

**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહ દરમિયાન આરોગ્ય સુધરે. અચાનક ઉઘરાણી આવે. નવા સંબંધો વધે. વિદેશ પ્રવાસને લગતાં કામમાં વિઘ્નો આવે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. ધાર્મિક સાહિત્ય, પ્રવાસ અને સમાજસેવાને લગતાં કામ થાય. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહેશે. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થઈ શકે છે. પ્રેમ વિવાહની શક્યતા વધશે. અભ્યાસમાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ):** સપ્તાહ પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ સામાજિક પ્રસંગ અને સેવાનાં કામ તથા ગૂઢ વિદ્યાના અભ્યાસમાં પસાર થાય. અચાનક ધાર્મિક શાંતિનો અનુભવ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું બને. વિદ્યાર્થીઓને તક મળે. પ્રવાસ, પર્યટન, કાયદા, કાનૂન જેવા કામમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી યોજના બને. ધંધામાં અચાનક સફળતા મળે. નવા સોદા પાર પડે. વડીલોની મદદથી સામાજિક સમસ્યા હલ થાય.

**સિંહ (મ,ટ):** ચાલુ વીકમાં નોકરીમાં જવાબદારી વધે. હરીફોથી સાવધાન. આરોગ્ય નરમ રહે. સમાજજીવનમાં દોડધામ વધશે. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહેશે. નવાં કામ થાય. નવા સંબંધો મજબૂત બનશે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. ધર્મ-કર્મ અને દાન-પુણ્ય તથા દેવદર્શનથી શાંતિ મળશે. ઉચ્ચ શિક્ષણ, કાયદા, સાહિત્ય, લેખન જેવા કામમાં ભાગ્યનો સાથ મળે. શુભ સમાચારથી ઉત્સાહ વધે.

**કન્યા (પ,ઠ,ણ):** ચાલુ વીકની શરૂઆત શુભ સમાચારથી થાય. સંતાનોનાં કામ પાર પડે. અભ્યાસમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ મળે. પ્રેમમાં ભેટ સોગાદથી વિશ્વાસ વધશે. ખાવા-પીવાના શોખીનને પાચનતંત્ર સતાવશે. ઘર-પરિવારમાં સામાજિક અને ધાર્મિક વાતાવરણ રહે. દેવદર્શન, પૂજા-પાઠથી શાંતિ મળે. નવા કામની પ્રેરણા અને દિશા મળશે. ઉઘરાણી આવે. આવક વધે. વિમાના કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત):** ચાલુ વીકમાં કુટુંબમાં તમારી સલાહની જરૂર પડી શકે છે. નવા કામની તક મળે. બહારના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને શાંતિનો અનુભવ થાય. સંતાનોનો દોડધામ વધે. પ્રેમમાં ગેરસમજ પેદા થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. નોકરીમાં નવી તક ઊભી થાય. ચાલુ નોકરીમાં જવાબદારી વધે. હરીફોથી સાવધાન. ઉમરલાયકને ભાગ્યનો સાથ મળે. શુભ સમાચાર.

**વૃશ્ચિક (ન,ય):** સપ્તાહ દરમિયાન વહીવટી કુશળતા અને તમારા નવા વિચારો નવી તક ઊભી કરશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થઈ શકે છે. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. નવા ફેરફાર અશાંતિ વધારે. વડીલોના આરોગ્યની સમસ્યા સતાવે. પ્રેમમાં અશાંતિ વધશે. સંતાનોનાં કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. આવક વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** ચાલુ વીકમાં આવક વધે. ઉઘરાણી આવી શકે છે. નવાં કામ મળે. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. પારિવારિક ધંધામાં આવક વધશે. દલાલી, શિક્ષણ, ટેકનોલોજી વગેરેનાં કામ થાય. વાદ-વિવાદથી બચવું. વાણીથી નુકસાન થઈ શકે છે. ધાર્મિક પ્રવાસ થાય. ધર્મ-કર્મથી શાંતિ મળે. પ્રેમમાં સહકાર મળે. અચાનક શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ):** સપ્તાહ આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. પ્રવાસથી કામ તથા વિમા, એજન્સી, માર્કેટીંગ વગેરેમાં લાભ થાય. ઘરમાં તાલમેળ રાખવો. અડોશ-પડોશ સાથે વિવાદથી અશાંતિ થાય. ધાર્મિક વાતાવરણ અને ઘરમાં સેવા પૂજાથી મનને શાંતિ મળશે. શુભ કામમાં ખર્ચ થાય. નોકરી-ધંધામાં પ્રવાસ અનુકૂળ રહે. ઘરમાં સુખ-સગવડનાં સાધનો વસાવી શકાય. આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ):** રોજિંદી પ્રવૃત્તિમાં ઉત્સાહનો અનુભવ કરાવનાર વીક રહેશે. શુભ કામ, દાન, પુણ્ય, ધર્મ-કર્મ તીર્થયાત્રા વગેરેમાં ખર્ચો વધશે. મનને ધાર્મિક શાંતિનો અનુભવ થાય. પ્રવાસમાં છેતરાઈ જવાથી બચવું તેમજ પડવા-વાગવાથી સાવધાન રહેવું. નોકરીમાં સામાન્ય રહે. સ્વતંત્ર ધંધામાં આવક રહે. કૌટુંબિક ધંધામાં નવી તક ઊભી થાય. ઘરમાં અવજવરથી અશાંતિ રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ):** સપ્તાહની શરૂઆત મિત્રો, સ્નેહીજનોને મળવાથી અને નવા સંબંધોની શરૂઆતથી થાય. પ્રેમમાં વિશ્વાસ વધશે. અભ્યાસમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસ થાય. રંગીન અને રસિક મુલાકાત થાય. પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. દાંપત્યજીવન રંગીન બને. વારસાના કામમાં પ્રગતિ થાય. માર્કેટીંગના કામમાં લાભ.

# ગિરનારના અંબાજી મંદિરમાં કથિત દારૂ-નોનવેજપાર્ટીનો વિડીયો વાયરલ

**પ્રાંત અધિકારી ગિરનાર પહોંચ્યા, ૨૬ લોકોની પૂછપરછ અને સીસીટીવી દ્રશ્યોની તપાસ**

**મંદિરના પૂજારી, રસોયા અને સહાયક સ્ટાફ સહિત કુલ ૧૧ લોકો સસ્પેન્ડ**

**તપાસ અહેવાલ મળ્યા બાદ જવાબદારો સામે કાર્યવાહી કરાશે: મામલતદાર**

ગાંધીનગર: જૂનાગઢમાં પવિત્ર તીર્થસ્થળ ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના ભંડારામાં કથિત રીતે મદિરાપાન અને માંસાહારના પાર્ટી યોજાઈ હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભાવિકોમાં ભારે રોષ ફેલાયો છે. સમગ્ર ઘટનાને ગંભીરતાથી લેતા તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

માહિતી અનુસાર પ્રાન્ત અધિકારી ચરણસિંહ ગોહિલે આજે ગિરનાર પર્વત પર પહોંચ્યા હતા અને સ્થળની મુલાકાત લઈને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. આ મામલે પૂજારી સહિત કુલ ૨૬ લોકો સાથે પૂછપરછ કરવામાં આવશે. સાથે સાથે મંદિર પરિસરમાં લગાવવામાં આવેલા સીસીટીવીની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ મંદિર લાખો ભાવિકોની આસ્થાનું કેન્દ્ર છે અને દર વર્ષે મોટી સંખ્યામાં ભક્તો માતાજીના દર્શનાર્થે અહીં આવે છે. મંદિરના મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદથી મંદિરનો વહીવટ શાસકીય તંત્રના નિયંત્રણ હેઠળ છે અને હાલ તેનો વહીવટ મામલતદાર દ્વારા સંચાલિત થાય છે. આ દરમિયાન ભંડારામાં અમુક તત્ત્વો દ્વારા દારૂની પાર્ટી અને અભદ્ર વર્તન કરવામાં આવ્યું હોવાનો વિડિયો સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં બેદરકારી સામે આવતા મંદિરના પૂજારી, રસોયા અને સહાયક સ્ટાફ સહિત કુલ ૧૧ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેના કારણે ભારે ખળભળાટ મચ્યો છે. હાલ સુધી આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ તંત્ર દ્વારા વધુ સીસીટીવી ફૂટેજ અને અન્ય વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન માતાજીની નિયમિત પૂજા અને વિધિ ચાલુ રહે તે માટે સેવા-પૂજાના જાણકાર બે પૂજારીઓને કામચલાઉ ધોરણે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મામલતદારે જણાવ્યું હતું કે વાયરલ થયેલો વિડિયો કેટલો જૂનો છે, તેમાં કેટલા લોકો સામેલ છે અને તેની સત્યતા શું છે તે અંગે તપાસ ચાલી રહી છે. તપાસ અહેવાલ મળ્યા બાદ જવાબદાર લોકો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ આ ઘટનાને લઈને વિવિધ ધાર્મિક આગેવાનોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુએ ઘટનાને નિંદનીય ગણાવી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. જ્યારે ભરુડિયા એકલ ધામના મહંત દેવનાથ બાપુએ પણ આરોપીઓને કડક સજા આપવાની માંગણી કરી છે.

આ સમગ્ર મામલે જૂનાગઢના અધિક કલેક્ટર જણાવ્યું છે કે પ્રાન્ત અધિકારી સમગ્ર ઘટનાનો વિગતવાર અહેવાલ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. અહેવાલ બાદ સામે આવતા તથ્યોના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ત્રીજા વિશ્વયુધ્ધના ગ્રહ સંકેત

છેલ્લાં પાંચ વર્ષથી 1914થી 1918 પ્રથમ અને 1939થી 1945 બીજા વિશ્વયુધ્ધ જેવા અવકાશી ગ્રહો, ગ્રહણ અને ચાલ તેમજ પ્લુટો, હર્ષલ, નેપચ્યુન, શનિ, રાહુ, કેતુ અને ગુરુ જેવા ગ્રહોની સ્થિતિ અને તેમની પ્રાકૃતિક સ્થિતિમાં ફેરફારથી જોવા મળે છે અને ત્રીજા વિશ્વયુધ્ધના ભણકારા સાફ સંભળાય છે. આજે લગભગ આખી દુનિયામાં ભયંકર તણાવ અને અજંપાભર્યું વાતાવરણ જોવા મળે છે. રોજ સૈન્ય સંઘર્ષ રાજનીતિક ટકરાવ અને પરમાણુ હથિયારોનો ભય તેમજ અહંકાર અને તોફાની વૃતિ ધરાવતા હાથોમાં મહાસત્તા વગેરે ત્રીજા વિશ્વયુધ્ધની શક્યતા વધારે છે. જો કે આંતરરાષ્ટ્રીય સંસ્થા અને કૂટ નીતિક પ્રયત્નો દુનિયાના શક્તિશાળી દેશો યુધ્ધમાં ન જોડાય એવી કોશિશ જરૂર કરે છે.

વિશ્વયુધ્ધ એક વૈશ્વિક મહાસંકટ છે. તેમાં દુનિયાની મહાશક્તિઓ અને સૈન્ય ગઠબંધન આમને-સામને હોય છે. જેના કારણે આખી દુનિયાની રાજનીતિ અને અર્થવ્યવસ્થા ડામાડોળ થઈ જાય છે. જૂના સમયથી તદ્દન અલગ રીતે યુધ્ધ લડવામાં આજે દુનિયા વ્યસ્ત છે જે રીતરસમો અપનાવવામાં આવે છે તે ભયંકર છે. સાઈબર અટૈક, આર્થિક પાબંદિયો અને Proxy war જેના કારણે વર્ષો કે મહિનાઓ પછી ખબર પડે છે કે આપણે યુધ્ધમાં સામેલ થઈ ગયા છીએ. આજ કાલની સ્થિતિ યુધ્ધની જ છે.

જ્યોતિષની ગણના પ્રમાણે યુધ્ધ માટે શનિ, મંગળ અને રાહુને ખાસ માનવામાં આવે છે. આ ગ્રહોની સાથે પ્લુટો, હર્ષલ અને નેપચ્યુન યુધ્ધ અથવા અન્ય રીતે દુનિયામાં કાયમી ફેરફાર લાવનાર માનવામાં આવે છે. આ ગ્રહો જનરેશનને પ્રભાવમાં લેનાર છે. આજનું Gen z જનરેશન અને આવનાર અન્ય નવા જનરેશન પર સંપૂર્ણ કાબૂ ધરાવતા ઉપરોક્ત ગ્રહોની ચાલ, દૃષ્ટિ, યુતિ, વક્રી વગેરે ચાલ પૃથ્વીના વાતાવરણને નકારાત્મક બનાવે છે તેની અસર આપણને ધરતી પર જોવા મળી રહી છે. શનિ ખાસ કરીને પોતાનો સ્વ રાશિ કે મંગળની રાશિ સાથે કોઈ પણ રીતે સંબંધમાં આવે છે ત્યારે મહા યુધ્ધનો જન્મ થાય છે. પ્લુટો હાલ મકર શનિની રાશિમાં ભ્રમણ કરે છે. પ્લુટો યુધ્ધનો દેવ છે તેને મંગળ સમાન માનવામાં આવે છે અને હર્ષલને શનિ સમાન એ રીતે શનિ-મંગળનો યોગ ધરતી પર જોવા મળે છે અને ગુરુ જ્યારે અતિચારી બને છે ત્યારે પણ વિશ્વ પર યુધ્ધના ભણકારા વાગવા માંડે છે.

જ્યોતિષની દૃષ્ટિએ અતિચારી ગુરુ યુધ્ધ જેવું વાતાવરણ પેદા કરે છે જ્યારે શનિ પાવરફુલ બને છે ત્યારે યુધ્ધનાં મંડાણ થઈ જાય છે જે સામાન્ય રીતે નજર આવતા નથી. પણ આ સ્થિતિનું નિર્માણ 2020 થી થઈ ગયું છે. 2025થી 2033 સુધી ગુરુદેવ અતિચારી અવસ્થામાં છે. માટે યુધ્ધથી વિનાશ થઈ રહ્યો છે અને હજુ પણ દુનિયામાં નિર્દોષોનું નિકંદન નીકળતું રહેવાનું છે. આપણાં શાસ્ત્રો પ્રમાણે સૂર્ય-ચંદ્રગ્રહણો પણ યુધ્ધ માટે જવાબદાર માનવામાં આવે છે. હાલમાં સૂર્ય અને ચંદ્ર ગ્રહણ પંદર દિવસની અંદર થયાં તે સૂચવે છે કે યુધ્ધ અને કુદરતી આફતોથી માનવજાત સહિત જીવ અને કુદરતી સંપત્તિને ભયંકર નુકસાન થશે તેને કોઈ અટકાવી નહીં શકે.

ઈતિહાસ બતાવે છે કે 1937 માર્ચમાં શનિ છે. મીન રાશિમાં હતા ત્યારે બીજા વિશ્વયુધ્ધની શરૂઆત થઈ ગઈ હતી. ચીન અને જાપાનના કારણે દુનિયામાં યુધ્ધનો ઉન્માદ વધવા લાગ્યો અને પરિણામ દુનિયાની સામે છે. આજની તારીખમાં શનિ-મીન રાશિમાં ભ્રમણ માર્ચ 2025થી છે. તેનો અનુભવ આપણે પણ પાકિસ્તાન સાથે અને ચીન, બાંગ્લા દેશ, નેપાળ વગેરે સાથેના તણાવ અને યુધ્ધ જેવા વાતાવરણનો અનુભવ કર્યો છે અને હજુ પણ ચાલુ છે. કોઈ ને કોઈ રીતે આપણે યુધ્ધમાં સામિલ છીએ જ. 1965-66, ની વચ્ચે શનિ મીનમાં પ્રવેશવાના હતા અને ભારત-પાકનું યુધ્ધ થયું અને એ જ દરમિયાન વિયેતનામ યુધ્ધ થયું હતું એને ભારતમાં ભયંકર રાજકીય ઊથલપાથલ થઈ અને અનેક ભારતીયોની હત્યા પણ રાજકીય આંદોલનમાં થઈ હતી. 1995 જૂનમાં શનિ મીનમાં આવ્યા પછી જાપાનમાં ભયંકર ભૂકંપ સાથે અને બોસ્નિયા યુધ્ધમાં અનેક લોકોની હત્યા થઈ અને ભૂકંપમાં હજારોના જાન ગયા. માર્ચ 2025 થી શનિ મીનમાં આવ્યા પછી ઈઝરાયેલ-ઈરાન અને પીક યુધ્ધ થયું. હાલમાં દુનિયામાં જે વિનાશક યુધ્ધ થઈ રહ્યું છે તે શનિ દેવનો પ્રકોપ છે. જાન્યુઆરી-2020થી શનિનું મકર ભ્રમણ ચાલુ થયું ત્યારથી દુનિયા પર અનેક સંકટોનું આવવાનું ચાલુ થયું છે. જ્યોતિષનો અભ્યાસ બતાવે છે કે શનિ પોતાની સ્વરાશિ અને મંગળની મેષ-વૃશ્ચિક રાશિ સાથે સંબંધમાં આવે છે ત્યારે મહામારી યુધ્ધ-અરાજકતા-રાજકીય ઊથલપાથલ અને નિર્દોષોની હત્યા થાય છે. આ જ સમય દરમિયાન કોરોના જેવી મહામારી આવી અને તેનો વિનાશ આજે પણ કોઈ ને કોઈના આકસ્મિક મૃત્યુથી ચાલુ છે. શનિનું મકર-કુંભ ભ્રમણ જ વિશ્વયુધ્ધની તરફના સંકેત સમાન હતું અને છે. યુક્રેન-રશિયા યુધ્ધથી જ દુનિયા બે ભાગમાં વહેંચાવાની શરૂઆત થઈ અને આજે ચિત્ર સાફ ઉપસવા લાગ્યું છે. અઘોષિત ત્રીજું વિશ્વયુધ્ધ ચાલી રહ્યું છે. અતિ ચારી ગુરુનું વક્રી માર્ગી ભ્રમણ સૌથી બહુ જવાબદાર છે. આ તો 2033 સુધી રહેવાનું છે. 2018 થી 2022 ની વચ્ચે ગુરુ અતિચારી થયા છે. આ સમય પર નજર નાખવાથી ખ્યાલ આવે છે કે દુનિયા મહામારી, મહાવિનાશ અને રાજકીય ઊથલપાથલ તેમજ કુદરતી આફતથી બચી શકાય તેમ નથી. ટૂંકમાં ત્રીજા વિશ્વ યુધ્ધની શરૂઆત થઈ ચૂકી છે.

# ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ધારાશાસ્ત્રી જે.જે. પટેલનો વિજય

**૧૯૬૧ પછીનો સૌથી મોટો મત રેકોર્ડ તૂટ્યો, ૧૯૨૯થી વધુ પ્રથમ પસંદગીના મતોથી પ્રચંડ બહુમતી**

અમદાવાદ: રાજ્યના વકીલોની પ્રતિષ્ઠિત સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં જાણીતા ધારાશાસ્ત્રી જે. જે. પટેલએ ઐતિહાસિક વિજય મેળવી સમગ્ર વકીલ આલમમાં ચર્ચા જગાવી છે. ચૂંટણીના પરિણામ જાહેર થતાં રાજ્યભરના વકીલોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ચૂંટણીના પરિણામમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે જે.જે. પટેલને પ્રથમ પસંદગીના ૧૯૨૯થી વધુ મત મળ્યા છે, જે સંસ્થાના ૧૯૬૧થી અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી મોટો મત રેકોર્ડ ગણાઈ રહ્યો છે. તેમણે પ્રચંડ બહુમતી સાથે ક્વોટા પાર કરીને ઐતિહાસિક જીત નોંધાવી છે.

છેલ્લા લગભગ પચીસ વર્ષથી જે.જે. પટેલ વકીલોની સમસ્યાઓ અને હિતો માટે સતત કાર્યરત રહ્યા છે. કાયદાકીય ક્ષેત્રમાં એવું માનવામાં આવે છે કે વકીલોના મત મેળવવું ખૂબ મુશ્કેલ કાર્ય હોય છે, છતાં પોતાના મજબૂત નેતૃત્વ, સાલસ સ્વભાવ અને દરેક વકીલ માટે સતત ઉપલબ્ધ રહેવાની કાર્યપદ્ધતિથી તેમણે સમગ્ર રાજ્યના વકીલોનો વિશ્વાસ જીત્યો છે.

ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ જે.જે. પટેલેએ તમામ વકીલ મિત્રોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ જીત તેમના સેવાકાર્ય પર વકીલ સમુદાયે મુકેલા વિશ્વાસનું પ્રતિબિંબ છે.

તેમણે કહ્યું કે આગલા સમયમાં પણ વકીલોના કલ્યાણ, અધિકારો અને સંસ્થાની પ્રતિષ્ઠા માટે તેઓ પ્રતિબદ્ધ રહી કાર્ય કરતા રહેશે. ચૂંટણી પરિણામ જાહેર થતા અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં વકીલ સમુદાયમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ઘણા વકીલોએ આ જીતને કાયદાકીય ક્ષેત્ર માટે ઐતિહાસિક ક્ષણ ગણાવી છે.

# ગેસ સિલિન્ડરની કાળાબજારી, ૮૭ સિલિન્ડર મળ્યાં


**ચૂલા મરામતના બહાને ગેરકાયદે રિફિલિંગ અને વેચાણનો ધંધો; શાપર નજીક પારડી વિસ્તારમાં પોલીસનો દરોડો, બે ઝડપાયા**

અમદાવાદ: મધ્યપૂર્વ વિસ્તારમાં ઊભી થયેલી ભૂ-રાજકીય પરિસ્થિતિના કારણે ઊર્જા ક્ષેત્ર પર વૈશ્વિક સ્તરે અસર જોવા મળી રહી છે. આવા સમયમાં રાજ્યમાં ઘરેલુ ગેસનો પુરવઠો અવિરત રહે તે માટે સરકાર અને ગેસ કંપનીઓ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે, ત્યારે રાજકોટ જિલ્લામાં ગેસ સિલિન્ડરની કાળાબજારીનો મોટો પર્દાફાશ થયો છે. શાપર નજીકના પારડી વિસ્તારમાં પોલીસે દરોડો પાડી ગેરકાયદે રીતે ગેસ સિલિન્ડર ભરીને વેચાણ કરતાં બે શખ્સોને ઝડપી પાડ્યા છે. દરોડા દરમિયાન સ્થળ પરથી કુલ ૮૭ ગેસ સિલિન્ડર કબ્જે કરવામાં આવ્યા હતા.

પોલીસને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરતા ખુલ્યું કે આરોપીઓ ચૂલા મરામતના ધંધાની આડમાં ગેસ સિલિન્ડરની ગેરકાયદે રિફિલિંગ કરી રહ્યા હતા. આ રીતે ભરેલા સિલિન્ડરોને પછી બજારમાં વેચવામાં આવતા હતા, જેના કારણે સુરક્ષાની દૃષ્ટિએ પણ ગંભીર જોખમ ઉભું થતું હતું.પોલીસે કાર્યવાહી દરમિયાન રવિરંજન બિંદ અને રાજીવકુમાર બિંદ નામના બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે બંને આરોપીઓ મૂળ બિહાર રાજ્યના રહેવાસી છે.

પ્રાથમિક તપાસમાં આ ગેરકાયદે પ્રવૃત્તિમાં કોઈ સ્થાનિક ગેસ એજન્સીના તાર પણ જોડાયેલા હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે અને સમગ્ર કૌભાંડમાં અન્ય કોણ-કોણ સંકળાયેલું છે તે દિશામાં પણ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.પોલીસના જણાવ્યા મુજબ ગેસ સિલિન્ડરની કાળાબજારી અને ગેરકાયદે રિફિલિંગ જેવી પ્રવૃત્તિઓ સામે આગામી સમયમાં પણ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# અમદાવાદના સિનિયર ઈન્ટેલિજન્સ અધિકારી 80 હજારની લાંચ લેતાં ઝડપાયા



ગાંધીનગર: ગુજરાત એસીબીએ મહત્ત્વની ટ્રેપ ગોઠવીને રાજ્ય પોલીસના ઈન્ટેલિજન્સ બ્યૂરોના અમદાવાદ રિજિયનના સિનિયર ઈન્ટેલિજન્સ અધિકારી કેતન દવેને 80 હજારની લાંચ લેતા ઝડપી લીધા છે. ગાંધીનગરમાં સરગાસણ ચોકડી પાસે કારની અંદર લાંચ લેતા આ ઈન્ટેલિજન્સ અધિકારીને એસીબીની ટીમે ટ્રેપ કરી લીધા હતા. આ કેસમાં ફરીયાદીને પોલીસ પ્રોટક્શન મળેલું છે. તે પોલીસ પ્રોટેક્શન રીન્યુ કરાવા માટે ફરીયાદીએ અરજી કરી હતી. જો કે તેમાં ઈન્ટેલિજન્સ અધિકારીએ પોઝિટિવ અભિપ્રાય મોકલી આપવા માટે ફરીયાદી પાસેથી રૂ.૮૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. જે લાંચના નાણાં ફરીયાદી પાસેથી પાસેથી સ્વીકારતી વખતે ઈન્ટેલિજન્સ અધિકારીને એસીબીની ટીમે ટ્રેપ કરી લીધા હતા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### બંગાળ સહિત પાંચ...

રાખવાનો પ્રયાસ કરશે, જ્યારે પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિલનાડુમાં તે શાસક પક્ષો સામે મેદાનમાં ઉતરશે. પુડુચેરીમાં NDA ભાગીદાર 'ઓલ ઈન્ડિયા એન આર કોંગ્રેસ'નું શાસન છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે 824 મતવિસ્તારો ધરાવતી પાંચ વિધાનસભાઓની ચૂંટણીમાં કુલ 17.4 કરોડ મતદારો મતદાન કરવા માટે પાત્ર છે. કુમાર, જેઓની સાથે બે ચૂંટણી કમિશનરો - સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી પણ ઉપસ્થિત હતા, તેમણે જણાવ્યું હતું કે, આસામની તમામ બેઠકો માટે મતદાન 9 એપ્રિલે થશે. પશ્ચિમ બંગાળમાં મતદાન 23 એપ્રિલ અને 29 એપ્રિલના રોજ બે તબક્કામાં થશે. કેરળ અને પુડુચેરીની તમામ બેઠકો માટે મતદાન 9 એપ્રિલે થશે, જ્યારે તમિલનાડુની તમામ બેઠકો પર 23 એપ્રિલે મતદાન થશે.

ચૂંટણીના સમયપત્રકની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા તાત્કાલિક અસરથી અમલમાં આવી ગઈ છે. તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેરળમાં હાલમાં અનુક્રમે વિપક્ષી DMK, તૃણમૂલ કોંગ્રેસ અને લેફ્ટ ફ્રન્ટનું શાસન છે. તમિલનાડુમાં 234 વિધાનસભા બેઠકો છે જ્યાં DMK નેતા એમ કે સ્ટાલિન 2021 થી મુખ્યમંત્રી છે. પશ્ચિમ બંગાળમાં કુલ 294 વિધાનસભા બેઠકો છે જેમાં TMC નેતા મમતા બેનર્જી 2011 થી સત્તામાં છે. કેરળમાં 140 બેઠકો છે અને ડાબેરી નેતા પિનરાઈ વિજયન 2016 થી મુખ્યમંત્રી છે, જેઓ લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે. આસામમાં 126 વિધાનસભા બેઠકો છે, અને આ ઉત્તર પૂર્વીય રાજ્યમાં 2016થી ભાજપ સત્તા પર છે. હિમંતા બિસ્વા સરમા 2021થી મુખ્યમંત્રી છે. પુડુચેરીના મુખ્યમંત્રી એન રંગાસામી 2021 થી સત્તામાં છે. આ કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ 30 બેઠકો છે. પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કામાં 152 વિધાનસભા મતવિસ્તારોમાં અને બીજા તબક્કામાં 142 બેઠકો પર મતદાન થશે. CEC કુમારે જણાવ્યું હતું કે તમામ મતદાન મથકો પર પ્રિસાઈડિંગ ઓફિસરો દર બે કલાકે અને મતદાન પૂરો થયા પછી તરત જ મતદાર ટર્નઆઉટ ડેટા અપલોડ કરશે.

### આઠ વિધાનસભા...

પેટા-ચૂંટણી વર્તમાન ધારાસભ્યોના અવસાનના કારણે જરૂરી બની હતી. આ આઠ મતવિસ્તારો છે: ગોવામાં પોન્ડા, કર્ણાટકમાં બાગલકોટ અને દાવણગેરે દક્ષિણ, નાગાલેન્ડમાં કોરિડાંગ, ત્રિપુરામાં ધર્મનગર, ગુજરાતમાં ઉમરેઠ અને મહારાષ્ટ્રમાં રાહુરી તથા બારામતી.

### જમ્મુ-કાશમીરમાં...

ગુપ્ત માહિતીના આધારે, 14-15 માર્ચ 26ની મધ્યવર્તી રાત્રે ઉરી સેક્ટરના બુચ્છર વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું."

સેનાએ જણાવ્યું હતું કે, સૈનિકોએ ઝાડીઓમાં એક આતંકવાદીની શંકાસ્પદ હિલચાલ જોઈ હતી.

સેનાએ વધુમાં ઉમેર્યું કે, " છૂપો હુમલો કરવા માટે ફરીથી ગોઠવવામાં આવી હતી અને આતંકવાદીને પડકારવામાં આવ્યો હતો, જેના પરિણામે આતંકવાદીએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. આ અથડામણમાં એક પાકિસ્તાની આતંકવાદી માર્યો ગયો હતો. તેની પાસેથી એક એકે રાઈફલ, પિસ્તોલ અને મોટી માત્રામાં દારૂગોળો સહિતની યુદ્ધસામગ્રી મળી આવી છે."

### ગયા વખતે આઠના...

આવ્યું, ત્યારે ચૂંટણી પંચે સગવડતાનો હવાલો આપ્યો હતો. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, દરેકની સગવડ માટે તબક્કાઓની સંખ્યા ઘટાડીને બે કરવામાં આવી છે. ઘણા રાજકીય નેતાઓએ લાંબા સમયથી દલીલ કરી છે કે બહુ-તબક્કાની ચૂંટણીઓ પ્રચારના સમયગાળાને લંબાવે છે, જેના માટે નોંધપાત્ર રીતે વધુ ખર્ચ અને શારીરિક પ્રયત્નોની જરૂર પડે છે. લાંબા સમયપત્રકના ટીકાકારો એવું પણ દલીલ કરે છે કે તે ચૂંટણી પ્રક્રિયાને આર્થિક રીતે બોજારૂપ બનાવે છે અને સમગ્ર કવાયત મતદારો માટે કંટાળાજનક અને એકવિધ બની જાય છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના સમયપત્રકને અસર કરતું બીજું મુખ્ય પરિબળ વર્તમાન રાજ્ય વિધાનસભાની મુદત હતી. વિધાનસભાની મુદત 7 મેના રોજ પૂરી થવાની છે. બંધારણીય જોગવાઈઓ હેઠળ, શાસનની નિરંતરતા સુનિશ્ચિત કરવા માટે વિધાનસભાની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી યોજવી આવશ્યક છે.

### બંગાળમાં બે તબક્કામાં...

કરશે. ''આ માત્ર એક ચૂંટણી નથી, આ એક સભ્યતાની લડાઈ છે. મહા જંગલરાજના અંતની ઊલટી ગણતરી શરૂ થઈ ગઈ છે.'' તેમ ભાજપે ઉમેર્યું હતું.
4 મેની મતગણતરીની તારીખનો ઉલ્લેખ કરતાં ભાજપે કહ્યું હતું કે, '' હવે માત્ર પચાસ દિવસ બાકી છે - 4 મેના રોજ બંગાળ માટે એક નવો સૂર્યોદય થશે.''
ચૂંટણીની જાહેરાત પર પ્રતિક્રિયા આપતાં ટીએમસીના રાજ્ય મહાસચિવ કુણાલ ઘોષે જણાવ્યું હતું કે, રાજ્યના લોકો મક્કમપણે શાસક પક્ષની સાથે છે.

### પાંચ રાજ્યો મળીને...

**લાખ મતદાન કર્મચારીઓ, 8.5 લાખ સુરક્ષા કર્મચારીઓ, મતદાન માટે 49,000 માઇક્રો ઓબ્ઝર્વર્સ, 1,444 ઓબ્ઝર્વર્સ, 40,000 ગણતરી અધિકારીઓ, 21,000 સેક્ટર ઓફિસર્સ અને ગણતરી માટે 15,000 માઇક્રો ઓબ્ઝર્વર્સ છે.**

### ઉત્તર ભારતના અનેક...

સુધી સક્રિય રહેવાની ધારણા છે, ત્યારબાદ ૧૭ અને ૧૮ માર્ચે સ્થિતિ શુષ્ક રહેવાની શક્યતા છે, જેનાથી તાપમાનમાં થોડો વધારો થશે. IMD એ સમગ્ર રાજ્યમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન અને ગાજવીજ સાથે વરસાદની ચેતવણી પણ આપી છે, જ્યારે પૂર્વી ઉત્તર પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ કરા પડી શકે છે. રાજસ્થાનમાં પણ રવિવારે હળવો વરસાદ થયો હતો, જેમાં સ્થાનિક હવામાન કચેરીએ જણાવ્યું હતું કે ૧૬ અને ૧૭ માર્ચે રાજ્યમાં હવામાન મોટે ભાગે શુષ્ક રહેવાની ધારણા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુલમર્ગ પ્રવાસી રિસોર્ટ સહિત કાશ્મીરના ઉચ્ચ વિસ્તારોમાં તાજી હિમવર્ષા થઈ છે, જ્યારે મેદાની વિસ્તારોમાં રવિવારે વરસાદ પડ્યો હતો. હિમાચલ પ્રદેશમાં પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થઇ હોવાના અહેવાલ છે. આંધ્રપ્રદેશમાં પણ આગામી પાંચ દિવસોમાં વરસાદ પડવાની આગાહી થઇ છે.

### પેરિસમાં ચીન અને...

નેતાઓ દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં મળ્યાના પાંચ મહિના પછી થઈ રહી છે, જ્યાં તેઓ વ્યાપાર યુદ્ધમાં એક વર્ષના વિરામ માટે સંમત થયા હતા. આ વ્યાપાર યુદ્ધમાં એક સમયે રેસિપ્રોકલ ટેરિફ ત્રણ આંકડા સુધી પહોંચી ગયા હતા, જે બાદમાં બંને પક્ષોએ ઘટાડ્યા હતા. તેમ છતાં, વેપાર હજુ પણ તણાવનું સાધન બની રહ્યો છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે શુક્રવારે ચીન સહિત 16 વ્યાપારી ભાગીદારો વિરુદ્ધ ટ્રમ્પ વહીવટીતંત્રની નવી વ્યાપારી તપાસનો વિરોધ કર્યો હતો. આ તપાસ – જે સુપ્રીમ કોર્ટ દ્વારા ગયા વર્ષે લાદવામાં આવેલા ટ્રમ્પના વ્યાપક વૈશ્વિક ટેરિફને રદ કરવાના ચુકાદા પછી આવી છે – નવા ટેરિફ માટે માર્ગ મોકળો કરી શકે છે. રવિવારની મંત્રણા પહેલા, ફ્રેન્ચ બેંક નેટિક્સિસના વરિષ્ઠ અર્થશાસ્ત્રી અને સેન્ટ્રલ યુરોપિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એશિયન સ્ટડીઝના રિસર્ચ ફેલો ગેરી એનજીએ જણાવ્યું હતું કે પેરિસની બેઠક કદાચ શી-ટ્રમ્પ સમિટ પહેલાની સૌથી મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક છે.

### ભારતીય તેલવાહક...

જહાજ 'જગ લાડકી' ફુજૈરાહ સિંગલ પોઈન્ટ મૂરિંગ પર ક્રૂડ ઓઈલ ભરી રહ્યું હતું, ત્યારે ફુજૈરાહ ઓઈલ ટર્મિનલ પર હુમલો થયો હતો. આ જહાજ આજે ભારતીય સમય મુજબ 10:30 કલાકે લગભગ 80,800 ટન મુરબન ક્રૂડ ઓઈલ લઈને ફુજૈરાહથી સુરક્ષિત રીતે રવાના થયું છે અને તે ભારત તરફ આવી રહ્યું છે. જહાજ અને તેના પરના તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે. શનિવારે, લગભગ 92,712 ટન LPG લઈને જતા બે ભારતીય ધ્વજ ધરાવતા LPG કેરિયર્સ - શિવાલિક અને નંદા દેવી - યુદ્ધગ્રસ્ત હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી ગયા હતા. અહેવાલ મુજબ, શિવાલિક 16 માર્ચે ગુજરાતના મુન્દ્રા પોર્ટ પર પહોંચવાનું છે અને નંદા દેવી 17 માર્ચે કંડલા પોર્ટ પર લાંગરશે. આ બંને જહાજો તે 24 જહાજોમાં સામેલ હતા જે આ ક્ષેત્રમાં યુદ્ધ ફાટી નીકળ્યા બાદ સામુદ્રધુનીની પશ્ચિમ બાજુએ ફસાયેલા હતા.

### 1 એપ્રિલથી FASTag...

વાર્ષિક પાસ યોજના 15 ઓગસ્ટ, 2025 ના રોજ રજૂ કરવામાં આવી હતી, જેથી વારંવાર હાઈવે વપરાશકર્તાઓને વધતા ટોલ ખર્ચમાંથી રાહત મળે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી સરળ બને. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય અનુસાર, હાલમાં 5 મિલિયનથી વધુ ધોરીમાર્ગ વપરાશકર્તાઓ વાર્ષિક પાસનો ઉપયોગ કરે છે, જે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક પરના તમામ કાર વ્યવહારોના લગભગ 28 ટકા હિસ્સો ધરાવે છે.

એનએચએઆઈએ જણાવ્યું હતું કે સુધારેલ ભાવ 1 એપ્રિલથી લાગુ થશે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ટોલ ફી સુધારાને નિયંત્રિત કરતી જોગવાઈઓ અનુસાર લાગુ કરવામાં આવ્યો છે. ઓથોરિટીએ જણાવ્યું હતું કે ફાસ્ટેગ વાર્ષિક પાસ માન્ય ફાસ્ટેગ ધરાવતા લાયક બિન-વાણિજ્યિક વાહનો માટે ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાષ્ટ્રીય એક્સપ્રેસવે પર લગભગ 1,150 ફી પ્લાઝા પર થઈ શકે છે. આ પાસ યૂઝર્સને એક વર્ષની માન્યતા માટે અથવા 200 ટોલ પ્લાઝા ક્રોસિંગ, જે પણ વહેલું આવે તે માટે એક વખત ચુકવણી કરવાની મંજૂરી આપીને વારંવાર ફાસ્ટેગ રિચાર્જ કરવાની જરૂરિયાતને દૂર કરે છે.

#### ફાસ્ટેગ વાર્ષિક પાસ શું છે?

ફાસ્ટેગ વાર્ષિક પાસ એ એક પ્રીપેડ ટોલ સુવિધા છે જે કાર, જીપ અને વાન જેવા ખાનગી વાહનો માટે રચાયેલ છે. વાહન ટોલ પ્લાઝા પાર કરે ત્યારે દર વખતે ટોલ ચાર્જ ચૂકવવાને બદલે, વપરાશકર્તાઓ નિશ્ચિત વાર્ષિક ફી ચૂકવી શકે છે અને ચોક્કસ મર્યાદામાં અનેક ટ્રિપ્સ કરી શકે છે. આ પાસ એક વર્ષના સમયગાળા દરમિયાન 200 ટોલ ક્રોસિંગ સુધી જવાની મંજૂરી આપે છે. એકવાર ટ્રિપ મર્યાદા અથવા સમય માન્યતા પૂર્ણ થઈ જાય, પછી પાસ આપમેળે નિયમિત ફાસ્ટેગ એકાઉન્ટમાં પાછો ફરે છે. 200-ટ્રિપની મર્યાદા સમાપ્ત થયા પછી, વપરાશકર્તાઓ ફરીથી નવો વાર્ષિક પાસ ખરીદી શકે છે, ભલે એક વર્ષની માન્યતા અવધિ પૂરી ન થઈ હોય.

IKF Home Finance
આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ
ઇક્વિનોક્સ બાય ફોનિક્સ-ટાવર 3, 10મો માળ, ડાયમંડ હિલ્સ, લુમ્બિની એવન્યુ, રાય દુર્ગ, ગાચીબૌલી, હૈદરાબાદ | તેલંગાણા - 500081
સ્થાવર મિલકત માટે કબજા નોટિસ [(પરિશિષ્ટ IV) નિયમ 8(1)]
જેમ કે અધોહસ્તાક્ષરકર્તા આઈકેએફ (IKF) હોમ ફાઇનાન્સ લિમિટેડ (ત્યારબાદ "આઈકેએફ" તરીકે ઓળખાય છે)ના સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002નો 54) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતાં સેક્શન 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ તારીખે સેક્શન 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં તમને એટલે કે ઉધાર લેનારાઓને (નીચે જણાવેલ નામો મુજબ) સદર નોટિસ મળ્યાના 60 દિવસની અંદર તેમાં જણાવેલી રકમ અને વ્યાજ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું. અહીં નીચે જણાવેલ ઉધાર લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી ઉધાર લેનારાઓને અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વાંચતાં એક્ટની કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને અહીં ઉપર જણાવેલ ઉધાર લેનારાઓને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ સદર મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર "આઈકેએફ" ના નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નંબર (LAN) અને ઉધાર લેનાર/જામીનદારના નામ | સિક્યોર્ડ એસેટ્સનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | LAN :- LNCLB00122-230004634 1. શ્રી/શ્રીમતી રવિન્દ્રભાઈ સોમાભાઈ ચૌહાણ 2. શ્રી/શ્રીમતી સોનલબેન રવિન્દ્રભાઈ ચૌહાણ 3. શ્રી/શ્રીમતી સોમાભાઈ છોટાભાઈ ચૌહાણ 4. શ્રી/શ્રીમતી કપિલાબેન સોમાભાઈ ચૌહાણ રહે. 911 ઊંડું ફળિયું, કુંપદ ગામ, વડોદરા, 24, ઈન્ડિયા-391770 તેમજ: (ઊંડું ફળિયું, કુંપદ, 911, તા-સાવલી, જી-વડોદરા-391770) | મોજે: કુંપદ, વડોદરામાં આવેલી બિન-ખેતી પ્લોટની જમીનનો તમામ ભાગ અને પાર્સલ, જે પ્રોપર્ટી નંબર 911 ધરાવે છે, જેનું ક્ષેત્રફળ આશરે 50.18 ચો. મીટર એટલે કે 540 ચો. ફૂટ છે, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ સાવલી અને જિલ્લો વડોદરા; સદર મિલકતની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વમાં: રતિલાલભાઈ રામાભાઈનું મકાન, પશ્ચિમમાં: ઘનશ્યામભાઈ ભીખાભાઈ ચૌહાણનું મકાન, ઉત્તરમાં: કેનાલ, દક્ષિણમાં: જાહેર રોડ. | 13.10.2025 Rs. 4,63,591.92/- (રૂપિયા ચાર લાખ ત્રેસઠ હજાર પાંચસો એકાણું અને બાણું પૈસા પૂરા) | 13.03.2026 |

સ્થળ: વડોદરા, ગુજરાત
તારીખ: 13.03.2026
સહી/-
અધિકૃત અધિકારી
ફોર આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ